સંક્ષિપ્ત સમાચાર

પાદરાના ઉમરાયા ગામના સ્મિતસિંહ સિંધાએ ધો. 12 સાયન્સમાં 94% મેળવી પાદરાનું ગૌરવ વધાર્યું

પાદરા : પાદરા ના ઉમરાયા ગામ ના સ્મિતસિંહ સિંધાએ ધોરણ 12 સાયન્સમાં 94% મેળવી પરિજય પાદરાનું ગૌરવ વધાર્યું, પોદાર વર્લ્ડ સ્કૂલ, શેરખીનો ટોપર વિદ્યાર્થી બન્યો. પાદરા તાલુકાના ઉમરાયા ગામના પ્રતિભાશાળી વિદ્યાર્થી સ્મિતસિંહ મહિપતસિંહ સિંધાએ CBSE ધોરણ 12 (સાયન્સ)ની પરીક્ષામાં 94% ટકાવારી સાથે ઉત્તીણ થઈ પોદાર વર્લ્ડ સ્કૂલ, શેરખીનો ટોપર વિદ્યાર્થી બન્યો છે. સ્મિતસિંહે અંગ્રેજી વિષયમાં 99, કેમિસ્ટ્રીમાં 96, ફિઝિક્સમાં 92, કમ્પ્યુટર સાયન્સમાં 93 અને ગાણિતમાં 90 ગુણ મેળવ્યા છે. આ શૈક્ષણિક સિદ્ધિ માત્ર તેમના પરિવાર માટે નહીં, પણ સમગ્ર પાદરા તાલુકા અને રાજપૂત સમાજ માટે ગૌરવપ્રદ ક્ષણ બની છે.

સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા સ્મિતસિંહના પિતા શ્રી મહિપતસિંહ છત્રસિંહ સિંધા એક ખાનગી નોકરીમાં કાર્યરત છે, જયારે માતા ગૃહિણિ છે. તેમના દાદા છત્રસિંહ રામસિંહ સિંધા પણ પરિવારના માર્ગદર્શક તરીકે સાથે છે.ભવિષ્યના અભ્યાસ માટે સ્મિતસિંહ હવે B.Tech in Electronics Engineering પસંદ કરી રહ્યો છે અને આગળ જઈને Artificial Intelligence, Robotics અને Data Science જેવા આધુનિક ટેક્નોલોજી ક્ષેત્રોમાં પોતાનું ભવિષ્ય બનાવવાનો નિશ્ચય કર્યો છે.

સ્પષ્ટ દૃષ્ટિ અને વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા સ્મિતસિંહ અભ્યાસ ઉપરાંત વિવિધ વિજ્ઞાનમૂલક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રહ્યા છે. શાળા દ્વારા મળી રહેલા માર્ગદર્શન અને મજબૂત શિક્ષણ માળખાને પણ તેમણે તેમની સફળતાનું શ્રેય આપ્યું છે.

અગામી ચોમાસાને ધ્યાને લઈ ભરૂચ પાલિકાએ 50થી વધુ જર્જરીત મિલ્કત ધારકોને નોટિસ ફટકારી

ભરૂચ : આગામી ચોમાસાને ધ્યાનમાં રાખીને ભરૂચ નગરપાલિકા પ્રિમોન્સુન કામગીરી હાથધરવા સાથે જર્જરીત ઈમારતોને નોટિસ આપી ઉતારી લેવા ફરમાન કરાયું છે. ભરૂચ નગરપાલિકા દ્વારા ચોમાસા પહેલા પ્રિમોન્સુન કામગીરી હાથધરવામાં આવી છે.જેમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ન ભરાય તે માટે વિવિધ કાંસની સાફ સફાઈ કરવામાં આવી રહી છે તો માર્ગ પર કોઈ અકસ્માતનો બનાવ ન બને તે માટે વૃક્ષનોને હળવા કરવામાં આવનાર છે. આ ઉપરાંત જર્જરીત અને ભયજનક ઈમારતોમાં રહેતા લોકોને નોટીસ આપી તેમના મકાનો ઉતારી લેવા અથવા તો રીપેરીંગ કરાવી લેવા તાકીદ કરી છે. ગયા વર્ષે કરાયેલા સર્વેમાં શહેરમાં આવા જર્જરિત 30 મકાનો ઉતારવામાં આવ્યા હતા. જર્જરીત અને ભયજનક ઈમારતોના કારણે જાનહાનિ ન થાય તે માટે ભરૂચ નગરપાલિકા દર ચોમાસા પૂર્વે માલિકોને નોટીસ આપતી હોય છે. મકાનો ખાલી કરવાને બદલે જર્જરીત અને ભયજનક મકાનોમાં રહેવાનું પસંદ કરતાં હોવાથી ચોમાસા દરમ્યાન હોનારત થવાનો ખતરો રહેતો હોય છે. મકાન માલિક જર્જરીત મિલ્કતનું રિપેરિંગ કરાવે તો ઉતારી લેતો કોઈ જાનહાનિ ન થાય.ગયા વર્ષે કરાયેલા સર્વેમાં શહેરમાં આવા જર્જરિત 30 મકાનો ઉતારવામાં આવ્યા હતા.

કડોદરાના સરપંચે માફી માંગી, DDOએ નોટિસ દફ્તરે કરી ચેતવણી આપી

ભરૂચ : ભરૂચ જિલ્લા પંચાયતમાં ભ્રષ્ટાચાર વગર કામ થતું ન હોવાના કડોદરા ગ્રામ પંચાયતના સરપંચ યોગેશસિંહ આર. ગોહિલ દ્વારા સોશિયલ મીડિયા મારફતે આક્ષેપો બાદ શરૂ થયેલી કાર્યવાહીનો જિલ્લા વિકાસ અધિકારીએ અંત આણ્યો છે. સરપંચ દ્વારા બે વખત માફી માંગવામાં આવતાં અને ભવિષ્યમાં આવી ભૂલ ન કરવાની બાંયધરી આપતાં પંચાયત અધિનિયમ હેઠળ તાકીદ કરી છે. વાગરાના કડોદરા ગામના સરપંચ યોગેશસિંહ ગોહિલે તા-15મી જૂન, 2024ના રોજ સોશિયલ મીડિયા પર એક વિડીયો વાયરલ કર્યો હતો. જેના આધાર બનાવી તેમણે જિલ્લા પંચાયત ભરૂચમાં ભ્રષ્ટાચાર વગર કોઈ કામ થતું ન હોવાનો અને આ કારણે કડોદરા ગામે કંપની દ્વારા કોમ્પ્યુટર લેબ બનાવવા માટેની પરવાનગીમાં વિલંબ થતો હોવાનો આક્ષેપ કર્યો હતો. આ ઉપરાંત, તેમણે દૈનિક અખબારોમાં પણ જાહેરાત આપી જિલ્લા પંચાયતને બદનામ કરવાનો અને લોકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હોવાનું જિલ્લા પંચાયતના ધ્યાને આવ્યું હતું. આ બાબતે જિલ્લા પંચાયત દ્વારા તા.24 જૂન, 2024ના રોજ સરપંચને ગુજરાત પંચાયત અધિનિયમ-1993ની કલમ 57(1) હેઠળ કારણદર્શક નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો હતો. સરપંચ યોગેશસિંહ ગોહિલે તા-2જી જુલાઈ, 2024ના રોજ પોતાનો લેખિત ખુલાસો રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, તેઓ 20 જાન્યુઆરી, 2022થી સરપંચ તરીકે કાર્યરત છે ગામના શૈક્ષણિક વિકાસ માટે કંપની દ્વારા કોમ્પ્યુટર લેબ બનાવવાના ઉમદા હેતુસર મંજૂરી માંગવામાં આવી હતી, જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરી દ્વારા અસહ્ય વિલંબ કરાયો હતો. વારંવાર રજૂઆત છતાં સહકાર ન મળતાં તેમણે આક્રોશ સોશિયલ મીડિયા મારફત ઠાલવ્યો હતો.

છોટાઉદેપુર જિલ્લામાં સિવિલ ડિફેન્સના સ્વયં સેવકોની નોંધણી કરાશે

છોટાઉદેપુર : સિવિલ ડિફેન્સે બિન-લશ્કરી સ્વયંસેવક સંગઠન છે જેનો ઉદ્દેશ્ય દુશ્મનના હુમલાઓ અથવા કુદરતી આપત્તિઓ દરમિયાન નાગરિકો અને સંપત્તિનું રક્ષણ કરવાનો છે. ગુજરાતની સાપેક્ષમાં, સિવિલ ડિફેન્સની ભૂમિકા વધુ મહત્વની છે કારણ કે રાજ્ય દરિયાકિનારો અને સરહદિય વિસ્તાર ધરાવે છે તથા ભૂકંપ જેવી કુદરતી આફતો માટે સંવેદનશીલ છે. ગુજરાતમાં સિવિલ ડિફેન્સ કુદરતી આપત્તિઓ, આગ લાગવી,કટોકટીની પરિસ્થિતિઓમાં ફસાયેલા લોકોને બચાવવા અને રાહત સામગ્રી પૂરી પાડવાની કામગીરી કરે છે.આપત્તિ સમયે પ્રથમ જરૂરિયાતમંદ લોકોને તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડવી.કટોકટીની પરિસ્થિતિઓમાં લોકોને માહિતી અને ચેતવણી આપવી.કટોકટીની પરિસ્થિતિઓ માટે સમુદાયને તાલીમ આપવી.જન જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરી જનજાગૃતિ લાવવી. કટોકટી દરમિયાન પાણી, વીજળી અને પરિવહન જેવી આવશ્યક સેવાઓ ચાલુ રહે તે સુનિશ્ચિત કરવું. હાલની પરિસ્થિતિને ધ્યાને લઈને છોટાઉદેપુર જિલ્લા કલેક્ટર સાહેબશ્રીને સિવિલ ડિફેન્સના નિયંત્રક તરીકેના હુકમો સરકારશ્રી તરફથી કરવામાં આવેલ છે. છોટાઉદેપુર જિલ્લા સહિત તાલુકાની તમામ કચેરીઓ ખાતે આવતીકાલે તારીખ ૧૪ અને ૧૫ મેના રોજ બપોરના ૦૪ થી સાંજના ૦૬ કલાક દરમિયાન સ્વયંસેવકની નોંધણી કરાશે જે લોકો રાષ્ટ્ર સેવા કરવા માટે સિવિલ ડિફેન્સમાં જોડાવા માગતા હોય તેઓ રજીસ્ટ્રેશન માટે પાસપોટ સાઈઝનો એક ફોટો, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, લાઈટ બિલ/મિલકત વેરા પૈકી કોઈ પણ બે પુરાવા સાથે લઈને આવવાનુ રહશે. સિવિલ ડિફેન્સ સ્વયંસેવકની નોંધણી માટેની વરમર્યાદા ૧૮ વર્ષ કે તેથી ઉપરના નિરોગી, તંદુરસ્ત વ્યક્તિઓ અને ભારતીય નાગરિકતા ધરાવતા હોવા જોઈએ.

ઠરાવમાં કરેલી ખોટી સહીવાળા દસ્તાવેજો ઉભા કરી ટ્રસ્ટના બંધારણની ઉપરવટ જઇ તેનો ભંગ કર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો

બોડેલીમાં ભક્ત વિકાસ ટ્રસ્ટમાં ચાર ટ્રસ્ટીઓ દ્વારા ખોટા એફિડેવિટ કરી ગેરરીતિ

23 સભાસદો પૈકીના તમામ સભ્યો હાજર ના હતાં તેમ છતાં પણ ઠરાવ બુકમાં તમામ હાજર ના રહેલ સભ્યો સહિત 23 સભ્યોની સહી થઈ છે

(પ્રતિનિધિ) બોડેલી, તા.13

બોડેલીમાં ભક્ત વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટમાં ચાર ટ્રસ્ટીઓ દ્વારા ખોટા એફિડેવિટ કરી ગેરરીતિ આચાર્યની બોડેલી પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાઈ છે તેથી પંથકમાં ચર્ચાએ જોર પકડ્યું છે. ખોટા એફીડેવીટ કરી તેમજ સાધારણ સભાની નોંધ બુકમાં તથા ઠરાવમાં કરેલી ખોટી સહીવાળા દસ્તાવેજો ઉભા કરી ટ્રસ્ટના બંધારણની ઉપરવટ જઈ તેનો ભંગ કર્યાનો ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના સૂર્યાઘોડા ગામના દિવ્યેશકુમાર મંગલેશ્વરભાઇ પટેલ, બોડેલીના કંચનભાઈ મણિલાલ પટેલ અને શાંતિલાલ ત્રિકમભાઇ પટેલ વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદ મુજબ બોડેલી ક્કરોલીયા ખાતે ભક્ત વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ બોડેલીમાં હાલના પ્રમુખ કંચનભાઇ મણીભાઇ પટેલ તેમજ મંત્રી તરીકે શાંતિલાલ ત્રિકમભાઇ પટેલ સહિત કુલ-૨૫ ટ્રસ્ટીઓ તેમજ અન્ય સભાસદ પણ નોંધાયેલ છે.

જેમાં ઠરાવ નં-૫ મુજબ અલગ- અલગ કુલ નવા ૨૫ ટ્રસ્ટીઓની નિમણુંક કરવામાં આવી હતી. આ ટ્રસ્ટીઓની નિમણુંક પી.ટી.આર ઉપર લાવવા માટે ખોટો ઉભા કરી દસ્તાવેજ (ઠરાવબુક) નો ઉપયોગ સાચા તરીકે કરી ચેરીટેબલ ટ્રસ્ટની કચેરી ખાતે રજુ કર્યો છે તેમજ આ હાજર છ (૬) સભાસદોએ નવા બનાવેલા ટ્રસ્ટીઓ જેમાં (૧) પ્રિત નટવરભાઇ પટેલે તા.૧૦/૦૮/૨૦૨૪ ના રોજ કરેલ એફીડેવીટમાં (૨) નરેન્દ્રકુમાર બિહારીલાલ ભગત (પટેલ)એ તા.૧૭/૦૮/૨૦૨૪ ના રોજ કરેલ એફીડેવીટમાં (3) અશોકુમાર મદનમોહનભાઇ પટેલે તા.૧૭/૦૮/૨૦૨૪ ના રોજ કરેલ એફીડેવીટમાં (૪) કાંતિભાઇ હરગોવિંદભાઇ પટેલે તા.૦૬/૧૨/૨૦૨૪ ના રોજ કરેલ એફીડેવીટમાં ચાર ટ્રસ્ટીઓએ તેમના એફીડેવીડમાં પ્રમુખ કંચનભાઇ પટેલ સમક્ષ જણાવ્યું છે કે, તેઓ બિન રહીશ ભારતીય નથી અને વિદેશી નાગરીકત્વ ધરવતા નથી. તેમ જણાવ્યું છે. પરંતુ ખરેખર આ ચારેય ટ્રસ્ટીઓ હાલ ભારત દેશના નાગરિક નથી. અગાઉ તેઓ ભારત દેશનું નાગરિકત્વ ધરાવતાં હતાં અને તે સમયે તેમની પાસે ભારત દેશના ઓળખ માટેના જરૂરી દસ્તાવેજો ધરાવતાં હતાં અને હાલ તેઓ યુનાઇટેડ સ્ટેટ ઓફ અમેરિકાનું નાગરિકત્વ ધરાવે છે.

ટ્રસ્ટમાં થતી ગેરરીતી અંગે તપાસ માટે દિવ્યેશકુમારે પોલિસ અધિક્ષકને લેખીત અરજી આપી હતી

ટ્રસ્ટમાં થતી ગેરરીતી અંગે તપાસ થવા માટે દિવ્યેશકુમારે ગઇ તા.૨૦/૦૩/૨૦૨૫ના રોજ પોલીસ અધિક્ષક, છોટાઉદેપુરને એક લેખિત અરજી આપી હતી. આ અરજીની તપાસ પોલીસ અધિક્ષકે પોલીસ ઇન્સ્પેક્ટર, એલ.સી.બીને સોંપી હતી. અરજીના તપાસના અંતે ગત તા.૧૦/૦૮/૨૦૨૪ના રોજ ભક્ત ઇંગ્લિશ મીડીયમ સ્કુલ ક્કરોલીયા ખાતે આ ટ્રસ્ટની સાધારણ સભા મળી હતી. આ સાધારણ સભામાં કુલ-૨૩ સભાસદો હાજર હતાં અને કોરમ પ્રમાણે ૨/3 સભાસદો ના થતાં અડધો કલાક બાદ આ સભા નિયમ મુજબ ફરીવાર શરૂ થઈ હતી. તેમાં દર્શાવેલ ૨૩ સભાસદો પૈકીના તમામ સભ્યો હાજર ના હતાં તેમ છતાં પણ ઠરાવ બુકમાં તમામ હાજર ના રહેલ સભ્યો સહિત ૨૩ સભ્યોની સહી થઈ છે. આમ આ સામાન્ય સભા બોલાવનાર પ્રમુખ કંચનભાઇએ તથા મંત્રી શાંતિલાલભાઇએ સામાન્ય સભાની મીટીંગ બુકમાં હાજર નહિં રહેલા ૧૭ જેટલા સભાસદોની ખોટી સહીઓ સાધારણ સભાની નોંધ બુકમાં કરી અલગ-અલગ કુલ-૮ ઠરાવો પસાર કરી દીધા હતા.

સાવલી-મુવાલ રોડ પર મુવાલ ફાટક પાસે લોખંડની એંગલ ભરેલી ટ્રક પલ્ટી ગઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

સાવલી-મુવાલ રોડ પર મુવાલ ફાટક પાસે લોખંડની એંગલ ભરેલી ટ્રક પલ્ટી ગઈ હતી.જી.જે.01DY 9481 નંબરની ટ્રક કાલોલથી કપડવંજ તરફ જઈ રહી હતી. લોખંડની ભારેખમ એનગલ કેપિસિટી કરતા વધુ ભરેલી હોવાથી ઓવરલોડિંગના કારણે ડ્રાઈવરે ટ્રક વળાંક વાળતા જ માં ટ્રક બેકાબૂ થઈ ગઈ હતી અને ઝાડ સાથે અથડાઈને ધડાકાભેર પલ્ટી મારી હતી.

ઓવરલોડિંગ ટ્રક એક બાજુ નમી જતા જ ડ્રાઇવર અગમચેતી વાપરીને કેબીન માંથી કુદી ગયો હતો. જોકે નીચે રોડ ઉપર પટકાવવાથી ડ્રાઇવર રાજવીર સિંધને માથાના ભાગે સામાન્ય ઈજા થતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની ઘટના બની તેની આસપાસનો વિસ્તાર રહેણાંક છે ભરચક વિસ્તારમાં ટ્રક વિશાલ ઝાડ પાસે પલ્ટી જતા વીજપોલ સાથે નજીવી ટક્કર વાગી હતી. જો કે આસપાસમાં કોઈ જ નહીં હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

જિલ્લામાં જુગાર જામતા પોલીસ એક્શનમાં આવી

(પ્રતિનિધિ) પાદરા, તા.13

પાદરા બજરંગ નગર નર્મદા કેનાલ પાસેની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમવા બેઠા છે.પાદરા પોલીસ એ બાતમી મુજબની જગ્યા પર દરોડો પાડયો હતો. જુગાર રમતા અકમ મલેક, કનૈયો માળી, મુનીરખા રાઠોડ અને હનીફ મલેક સહિત ચાર જુગારીયા ઓ ને રંગે હાથ પકડી લીધા હતા. પોલીસે દાવમાં મુકેલા અને અંગઝડતી દરમ્યાન મળી આવેલા રૂ. ૧૨,૧૨૦ના મુદ્દામાલ પણ જપ્ત કર્યો હતો. બીજો દરોડો પાદરા તાલુકાના દરાપુરા ગામે ઓએનજીસી રસ્તા પોલીસે પાડ્યો હતો.નિર્જન વિસ્તારમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ઈસમોએ પોલીસ કાફલાને જોતા જ હોશ ઉડી ગયા હતા. પોલીસે સતર્કતા પૂર્વક અર્જુનસિંહ રાઠોડ, જયેશ ગોહિલ, વિજય માળી, સંજય રાવળ, દશરથ માળી અને ઉસ્માન ઘાંચીને દબોચી લીધા હતા.

ભ્રમિત કરનાર પોસ્ટ કે લખાણ વાયરલ ના કરવા સરકાર તરફથી આદેશ અપાયા હતા

સોશિયલ મીડિયા પર દેશ વિરૂધ્ધ વાંધાજનક પોસ્ટ કરનાર ઈસમના 15 મે સુધી રિમાન્ડ મંજૂર

63 વર્ષનાએ ફેસબુક પર દેશના વડાપ્રધાન અને દેશના ઝંડાનો વાંધાજનક વિડીયો રિપોસ્ટ કર્યો હતો

(પ્રતિનિધિ) સાવલી, તા.13

સાવલી પોલીસ દ્વારા સોશિયલ મીડિયા પર દેશ વિરુદ્ધ નફરત અને વાતાવરણ દૂષિત કરે તેવી વાંધાજનક પોસ્ટ કરનાર ૬૩ વર્ષીય ઈસમ ની ધરપકડ કર્યા બાદ કોર્ટમાં રજૂ કરતા આગામી ૧૫ મે સુધી ના રિમાન્ડ મંજૂર કર્યા છે.

સાવલી પોલીસ દ્વારા સોશિયલ મીડિયા પર દેશ વિરુદ્ધ નફરત અને વાતાવરણ દૂષિત કરે તેવી વાંધાજનક પોસ્ટ કરનાર ૬૩ વર્ષીય ઈસમ ની ધરપકડ કર્યા બાદ કોર્ટમાં રજૂ કરતા આગામી ૧૫ મે સુધી ના રિમાન્ડ મંજૂર કર્યા છે.

પહેલગામ હુમલા બાદ તણાવ ભરી સ્થિતિ ને દેશ રાજ્ય જિલ્લો અને શહેર નું વાતાવરણ ન દહોળાય તે માટે સરકાર ની વિવિધ એજન્સી ઓ દ્વારા સોશિયલ મીડિયા પર ખાસ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે અને ભડકાઉ ભ્રામક અને ભ્રમિત કરનાર પોસ્ટ કે લખાણ વાયરલ ન કરવા સરકાર તરફથી આદેશ આપવામાં આવ્યા હતા તેના પગલે પોલીસ અને સરકાર ની વિવિધ એજન્સી ઓ ભારે સતર્કતા થી સતત સોશિયલ મીડિયા પર વોચ રાખી રહી છે.

સાવલી ના સત્તારમીયા નાસીર મિયા શેખ રહે સાવલી ઉ ૬૩ વર્ષના એ ફેસબુક પર દેશના વડાપ્રધાન અને દેશના ઝંડાનો વાંધાજનક વિડીયો રિપોસ્ટ કર્યો હતો સેનાના પરાક્રમને બિરદાવાના બદલે પ્રજામાં ભય અને ગભરાટ પેદા થાય વિડિયો પોસ્ટ કરવાના આરોપસર ઈસમને જેલભેગો કર્યો છે.

પાદરાના ડબકા ગામની યુવતિ રશ્મિકા પ્રજાપતિ ગુમ થઈ ગઈ

(પ્રતિનિધિ) પાદરા, તા.13

રસ્મીકાબેન કનુભાઈ પ્રજાપતી (ઉંમર 24 વર્ષ) રહે. ડબકા, તા. પાદરા, જી. વડોદરા, તા. 11/05/2025ના રોજ રાત્રે લગભગ 9 વાગ્યે પોતાનું ઘર છોડીને બહાર નીકળી હતી અને ત્યારથી આજદિન સુધી ઘરે પરત ફરેલ નથી.

રસ્મીકાબેનનાં ઘરના સભ્યોએ જણાવ્યુ હતું કે, તે શીવાનીભાભી ના પૈસા આપીને પરત આવું છું તેમ કહીને ગઇ હતી. રસ્મીકાબેન પાતળી કાઠીની છે, ઉંચાઈ 5 ફૂટ છે, શરીર ઉપર રાખોડી રંગનું ટોપ અને કાળી લેગિંગ્સ પહેરેલી હતી. ગુજરાતી અને હિન્દી ભાષા બોલી સમજી શકે છે.

પાદરાના પો.સ્ટે. વડુ પોલીસ સ્ટેશન ખાતે ગુમ થયા અંગેની નોંધ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

ડભોઈમાં પસંદગીના સ્થાનો જ ચોખ્ખા, અન્યત્ર ગંદકી

(પ્રતિનિધિ) ડભોઈ, તા.13

ડભોઈ નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા ધારાસભ્ય શૈલેષ મહેતાએ સરકારમા રજુઆત કરી ડભોઈ નગરપાલિકાને ગ્રાંટ અપાવી છે. નગરપાલિકાના સત્તાધીશો પણ ગ્રાંટ અપાવે છે. નગરપાલિકા ડભોઈને કૃત્રીમ સુંદર બનાવી સ્વચ્છતાનો એવોર્ડ જિતવાનો પ્રયાસ કરે છે. ખરેખર ડભોઈને દર્ભાવતી બનાવવા આખા ડભોઈને સ્વચ્છ બનાવવા કમર કસવી પડે. સ્વચ્છતા ટીમ સામે ડભોઈને લાલી પાવડર લગાવી પસંદગીના સ્થળો બતાવવામા આવે છે . જેની ચર્ચા ચૌરે ને ચૌટે ચર્ચાઈ રહી છે ઉપરોક્ત તસ્વીર પંચવટી સોસાયટીના નાકાની છે. જેની કચરા પેટી કચરો હજમ કરી શકી નથી ને દંડવત પ્રણામ કરી જમીન પર પડી છે. ત્યારે આ કચરા માટે કોને જવાબદાર ગણી દંડ વસુલ કરવો જોઈએ એવી એક ચર્ચા પણ ઉઠવા પામી છે. નગરજનો પાસે કચરો જાહેરમા નાંખનાર સામે દંડનુ હથિયાર ઉગામનાર નગરપાલિકા પાસે કચરાનો દંડ વસુલાવો જોઈએ ? ડભોઇ નગરને સ્વચ્છ રાખવાની જવાબદારી નગરજનોની છે, તો નગરપાલિકાના સેનેટરી વિભાગની જવાબદારી નથી ?

વડોદરા ખાતે ૧૫ મેના રોજ રોજગાર ભરતી મેળો અને અનુબંધમ નોંધણી કેમ્પ યોજાશે

રોજગાર મેળામાં આઠથી વધુ જાણીતી કંપનીઓના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહેશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

વડોદરા જિલ્લાના યુવાનો માટે રોજગારીના સારા અવસરો સાથે મોટી તક આવી રહી છે. મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, મોડેલ કરિયર સેન્ટર વડોદરા દ્વારા ૧૫ મે, ૨૦૨૫ના રોજ રોજગાર ભરતીમેળો તથા "અનુબંધમ" પોર્ટલ નોંધણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતીમેળો આઈટીસી બિલ્ડિંગ, પહેલો માળ, આઈટીઆઈ કેમ્પસ, તરસાલી, વડોદરા ખાતે સવારે ૧૦:૦૦ વાગ્યાથી શરૂ થશે. જેમાં ધોરણ ૧૦ પાસ, ૧૨ પાસ, ITI (તમામ ટ્રેડ્સ), ડિપ્લોમા (ઈલેક્ટ્રીકલ/મેકેનિકલ), તેમજ નોન-ટેકનિકલ ગ્રેજ્યુએટ માટે વિવિધ સંભાવનાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મહત્વનું છે કે, ભરતીમેળામાં અનુભવી અને બિનઅનુભવી ઉમેદવારો - પુરૂષ તેમજ મહિલા માટે સરસ તક ઉપલબ્ધ છે.

આ રોજગાર મેળામાં આઠથી વધુ જાણીતી કંપનીઓના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહેશે અને તેઓ ૧૮૦થી વધુ જગ્યાઓ માટે ઈન્ટરવ્યૂ લેશે. જગ્યા માટેના પદો માં ફાર્મસી આસિસ્ટન્ટ, ઈલેક્ટ્રીકલ એન્જિનિયર, બેક ઓફિસ એક્ઝિક્યુટિવ, સેલ્સ એક્ઝિક્યુટિવ, ટેક્નિશિયન, મશીન ઓપરેટર, ઓફિસ આસિસ્ટન્ટ અને ટ્રેઈની જેવી વિવિધ ભૂમિકા સમાવેશ થાય છે.

આ સાથે, મેળામાં ગુજરાત સરકારના "અનુબંધમ" પોર્ટલ અને ભારત સરકારના "એન.સી.એસ" પોર્ટલ પર ઓનલાઈન નોંધણી અને રોજગારી શોધવાની પ્રક્રિયા અંગે માર્ગદર્શન પણ આપવામાં આવશે. વધુમાં, ઈન્ટરવ્યૂ પહેલા ઉમેદવારોને શું કાળજી લેવી, કેવી તૈયારી રાખવી તેનું માર્ગદર્શન આપવામાં આવશે.

મેળામાં રોજગાર કચેરી દ્વારા અન્ય સેવાઓ જેમ કે લશ્કરી ભરતી પૂર્વેની નિવાસી તાલીમ માર્ગદર્શન આપવામાં આવશે.

ભરૂચ જિલ્લામાં મીની વાવાઝોડાથી 1750 હેક્ટરમાં ખેતીનો પાક નષ્ટ

આંબામાં 677 અને કેળમાં 878 હેક્ટરમાં નુકસાન થયું સરકાર દ્વારા સહાયની જાહેરાત કરાશે

(પ્રતિનિધિ) ભરૂચ, તા. 13

ભરૂચ જિલ્લામાં ભર ઉનાળામાં ત્રણ દિવસ સુધી થયેલા મીની વાવાઝોડા અને માવઠાએ ખેતીપાકોને ભારે નુકસાન પહોંચાડ્યું છે. જિલ્લા ખેતીવાડી અને બાગાયત વિભાગે કરેલા સરવે મુજબ કુલ 28,820 હેક્ટર ઉનાળુ વાવેતરમાંથી 1750 હેક્ટરમાં પાક નુકસાન થયું છે. ભરૂચ જિલ્લામાં સૌથી વધારે આંબા 677 હેક્ટર અને કેળમાં 878 પાકોમાં ભારે નુકસાન થયું છે. જો કે, મીની વાવાઝોડાને લઈને સરકારના બાગાયતી વિભાગે અગાઉ ભરૂચથી લઈને વલસાડ સુધીમાં એકાદ લાખ હેક્ટર આંબામાં અંદાજે 35 ટકા પાકને નુકસાન થયાનો અંદાજ કાઢ્યો હતો. ભરૂચ જીલ્લામાં ખેતીવાડી વિભાગની 55 ટીમએ અંકલેશ્વર-ભરૂચ સહિત સમગ્ર જિલ્લામાં છ-સાત દિવસ સુધી સર્વે કર્યો હતો. સર્વે દરમિયાન જાણવા મળ્યું કે, આંબા અને કેળના પાકને સૌથી વધુ નુકસાન થયું છે. કુલ વાવેતર વિસ્તારના 33 ટકા વિસ્તારમાં પાકને નુકસાન થયું છે. ભરૂચ જિલ્લામાં અંદાજે 2956 હેક્ટરમાં આંબાવાડીનું વાવેતર અને કેળા અંદાજે 10730 હેક્ટર થયું છે.સર્વે દરમિયાન હાંસોટમાં 19.66 હેક્ટર, સૌથી વધુ અંકલેશ્વરમાં 312, ઝઘડિયામાં 38, ભરૂચમાં 208, જંબુસર 44 અને નેત્રંગમાં 45 હેક્ટર આંબાને નુકસાન થયું છે. જ્યારે કેળમાં અંકલેશ્વરમાં 127 હેક્ટર અને સૌથી વધારે ઝઘડિયા તાલુકામાં 742 હેક્ટરમાં નુકસાન થયું છે. જિલ્લા ખેતીવાડી અધિકારી કુલદીપસિંહ વાળાએ જણાવ્યું હતું કે, સરવે રિપોર્ટ રાજ્ય સરકારને મોકલી દેવામાં આવ્યો છે. આગામી સમયમાં સરકાર નુકસાન પામેલા ખેડૂતો માટે સહાયની જાહેરાત કરશે.

પત્નીને ગર્ભ ના રહેતા બીજા લગ્ન કરનાર પતિ સહિત સાસરીયા સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.13

મહિલા પોલીસ મથકમાં સિલ્વર સીટી, જીતાલી, અંકલેશ્વર ખાતે રહેતી 32 વર્ષીય સમિતાકુમારી રાવ દ્વારા ફરિયાદ નોંધાવાઈ છે. જેમાં તેમણે વિગતે જણાવ્યું છે કે, 15 વર્ષ અગાઉ તારીખ 10-5-2010 ના રોજ અમિતકુમાર રાવની સાથે તેણીના પ્રેમલગ્ન થયા હતા.લગ્ન બાદથી જ બંને અંકલેશ્વરમાં સારંગપુર-આત્મીય સોસાયટીમાં રહેતા હતા. અગાઉ 2016ના વર્ષમાં પણ તેનો પતિ દીપા નામની છોકરી સાથે રાજસ્થાન ભાગી ગયો હતો, અને બે વર્ષ દીપા સાથે રહીને પરત આવેલો. જે સમયે સમાજની રાહે સમાધાન થયું હોવાથી બંને પતિ-પત્ની રાબેતા મુજબ રહેવા લાગ્યા. તે બાદ પંદર વર્ષથી ફરિયાદી બેનને ગર્ભ નહીં રહેતા સંતાન પ્રાપ્તિ ન થતા ફરિયાદી ઉપર પતિએ તથા સાસરીયાઓએ અસહ્ય ત્રાસ ગુજારતા હતા. તા-1મી જાન્યુઆરી, 2025ના રોજ સાસરીયાઓ બિહાર રહેવા માટે ગયા હતા. તેણીના પતિએ મહેક શાહ નામની સ્ત્રી સાથે બીજા લગ્ન કરી લીધા હોવાની જાણ થઈ હતી. ફરિયાદણને તેના પતિએ ફોન પર કહ્યું હતું કે, તું તારા બાપ પાસે જ રહેજે, મારે તારી જરૂર નથી, મેં બીજા લગ્ન કરી લીધા છે, જ્યાં જવું હોય ત્યાં જા, મારે તને રાખવી નથી, તારે જ્યા પણ ફરિયાદ કરવી હોય ત્યાં કરી દેજે અમને કોઈ ફરક પડવાનો નથી - ગાળો બોલી ફોન મૂકી દીધો હતો.